ગાંધીનગર સમાચાર

હોળી ની હાર્દિક શુભકામના

# શહેરમાં વિશ્વ જળ દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૨૨

વાસ્મો દ્વારા આજ રોજ વિશ્વ જળ દિવસની ઉજવણી નિમિત્તે રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ અને સ્વચ્છતા જાગૃતિ અર્થે એક રેલીનું આયોજન ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત વર્કશોપ અને રાજયની મહિલા પાણી સમિતિ અને પાણી સમિતિનો સન્માન કાર્યક્રમનું આયોજન ટાઉન હોલ, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. વર્કશોપને પાણી પુરવઠા રાજય મંત્રી જયેશભાઈ રાદડિયાના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. મંત્રી જયેશ રાદડિયાના હસ્તે રાજયની પ્રથમ ત્રણ અને મહિલા પાણી સમિતિનું સન્માન કરીને પ્રમાણપત્ર અને ચેક અર્પણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે પાણી પુરવઠા રાજય મંત્રી જયેશભાઈ રાદડિયાએ જણાવ્યું હતું કે, આજે સમગ્ર વિશ્વમાં જળ દિવસ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. પાણીની તંગીનો પ્રશ્ન આજે સમગ્ર વિશ્વનો બની રહ્યો છે. આવનારા દિવસોમાં પીવાના પાણીની શું પરિસ્થિતિ હશે, તેની કલ્પના કરવી અશક્ય છે. રાજયના છેવાડાના ગામડા સુધી પીવાનું પાણી પહોંચાડવાની જવાબદારી રાજય સરકારની છે, તે જવાબદારી સરકાર ખૂબ સુચારું આયોજન કરીને નિભાવી રહી છે.





ઉનાળાની ઋતુમાં રાજયના અમુક જિલ્લામાં પાણી તંગી વર્તાય છે, આ વર્ષે ઉનાળાના આરંભ પહેલા જ રાજયના પ્રથમ મહિલા મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે જિલ્લાના કલેકટરો સાથે મીટીંગ કરીને સુવ્યવસ્થિત આયોજન કર્યું છે. રાજય સરકાર દરેક વ્યક્તિને ગુણવત્તા યુક્ત પાણી મળી રહે તે માટે પણ કટિબધ્ધ છે. આજે નર્મદાના નીર રાજયના છેવાડાના ગામડાઓ સુધી પહોંચી ગયા છે.

તેમણે જણાવ્યું હતું કે, પીવાના પાણીની સુચારું વ્યવસ્થામાં રાજય સરકારને આપના સહકારની પણ જરૂરિયાત છે. આ માટે દરેક નાગરિક પાણીનો બગાડ અટકાવે અને જરૂરિયાતનુસાર જ પાણી વાપરે તે ખૂબ જ જરૂરી છે. પાણીના વપરાશ અંગેની જાગૃતિ ગામેગામ લાવવા અને મહિલાઓમાં આ જાગૃતિ વધુમાં વધુ આવે તે ખૂબ જ જરૂરી છે.

પાણી પુરવઠા વિભાગના અગ્ર સચિવ મુકેશ પુરીએ ભારત દેશની ભૌગોલિક વાત કરીને તેમાં ગુજરાત રાજયમાં પાણીની શું પરિસ્થિતિ છે, તેની આંકડાકીય વિગત આપી હતી. તે ઉપરાંત પાણીનો બગાડ થતો અટકાવવા માટે પાણીના વપરાશ પર સામાન્ય વેરો લેવા અને રિચાર્જ પધ્ધતિની વાત પર ભાર મુક્યો હતો.

વાસ્મોના મુખ્ય કારોબારી અધિકારી શ્રી મહેશસિંગે વાસ્મોની કામગીરીની માહિતી આપીને રાજયમાં પાણી સમિતિઓની કામગીરી બિરદાવી હતી. વિશ્વમાં જળ દિવસની ઉજવણી કયારથી અને કેમ કરવામાં આવી છે, તેની રસપ્રદ વાત કરીને મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે મંત્રી રાદડિયાના હસ્તે રાજય કક્ષાની પાણી સમિતિની સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવનાર ડાંગની બીબુપાડ ગામની સમિતિના સભ્યોનું રૂપિયા ૧ લાખનો ચેક આપીને સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ આ સ્પર્ધામાં દ્વિતીય ક્રમે સાબરકાંઠાના ઈડર તાલુકાની રૂવત ગામની સમિતિને રૂપિયા ૭૦ હજાર અને તૃતીય ક્રમે આવનાર ભરૂચ જિલ્લાના મનાળ ગામની પાણી સમિતિને રૂપિયા ૫૦ હજારનો ચેક મંત્રીશ્રીના હસ્તે અર્પણ કરવામાં આવ્યો હતો તેમજ રાજય કક્ષાની સ્પર્ધામાં ડાંગ જિલ્લાની સાકરપાતળ ગામની સમિતિ અને બનાસકાંઠાની ફતેહપુર ગામની સમિતીને આશ્વાસન રૂપે રૂપિયા ૪૦-૪૦ હજારનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. તે ઉપરાંત ગુજરાતના વાસ્મોના ત્રણ ઝોનમાં એક થી ત્રણ ક્રમમાં આવનાર પાણી સમિતિ અને ૧૦૦ ટકા અને ૫૦ ટકા મહિલા સભ્યો ધરાવતી પાણી સમિતિઓનું પણ ચેક અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. વાસ્મો દ્વારા ગાંધીનગરના ઘ-૩ પેટ્રોલ પંપ નજીકના સેકટર-૬ના મેદાન ખાતે આજે યોજાયેલ રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ અને સ્વચ્છતા જાગૃતિ અંગેની રેલીને સવારના ૯ કલાકે વાસ્મોના મુખ્ય કારોબારી અધિકારી શ્રી મહેશસિંગે લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગે વર્કશોપમાં વાસ્મોના પૂર્વ ડાયરેકટર શ્રી પી.જી. મજીઠીયાએ વિશ્વ જળ દિવસનું મહત્વ, ધોલેરાની માહિતી સંસ્થાના નિયામક શ્રી દેવુબેન પંડયાએ મહિલા ભાગીદારીનું મહત્વ અને જરૂરિયાત, ગાંધીનગરના સુઘડ ગામની પર્યાવરણ સંસ્થાના શ્રી દેવેન્દ્રભાઈ પટેલે જળ સંચયનું મહત્વ અને જરૂરિયાત અને શ્રી ધીમંત વ્યાસે પીવાના પાણી અંગેની સમસ્યાઓ પર વિસ્તૃત વાત આપી હતી.

## @ગાંધીનગર

● સેકટર-૩૦ સ્થિત ઝુલેલાલ સાંઈબાબા મંદિર ખાતે બુધવારના રોજ સાંજે ૭ કલાકે હોલીકા દહનનો કાર્યક્રમ યોજાશે.

● જિલ્લાના શકિત પીઠ ગિયોડ અંબાજી મંદિરે બુધવારના રોજ બાવન ગજની ધ્વજારોહણ વિધિ માટે સવારે ૭.૧૫ કલાકે માઈભકતો નાંદોલ ગ્રામ પંચાયત કાર્યાલય ખાતેથી પ્રસ્થાન કરશે બપોરે ૧૧.૩૯ કલાકે અંબાજી ગિયોડ ખાતે ધ્વજારોહણની વિધિ કરાશે.

● સેકટર-૩-સી શકિત ચોકમંદિર ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન મધુબેન કે. કડીકરના મધુર કંઠે આનંદનો ગરબો રજુ કરાશે.

● સેકરટ-૧૩, લિમ્બચ માતાજીના મંદિર ખાતે બુધવારના રોજ પુનમ નિમિત્તે સાંજે ૬.૩૦ કલાકે મહાઆરતી યોજાશે.

● સે-૨૩ સ્થિત કડી શિક્ષણ સંકુલની બીબીએ કોલેજમાં સવારે ૧૦ કલાકે ઈન્ટર્નશીપ તથા પ્લેસમન્ટ ડ્રાઈવ યોજાશે.

● પાલજ મહાકાળી માતાજીના મંદિર ખાતે સાંજે ૬.૦૦ કલાકે હોળી પ્રગટાવવામાં આવશે.

## હોમિયોપેથિક કેમ્પનો કુલ ૧૩૧ દર્દીઓએ લાભ લીધો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લાના મોટી આદરજ ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે હોમિયોપેથિક નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં તમાકુ વ્યસન, મસા અને પથરી જેવા રોગો માટે નિઃશુલ્ક પણે સારવાર કરવામાં આવી હતી. જેમાં તમાકુ વ્યસનના ૩૮ દર્દીઓ, પથરીના ૩૭ દર્દીઓ અને મસાના ૫૬ દર્દીઓ એમ કુલ ૧૩૧ દર્દીઓએ લાભ લીધો હતો. આ હોમિયોપેથિક કેમ્પમાં ડૉ. પ્રકાશ પંડયા, ડૉ. ઘનશ્યામ પ્રજાપતિ, ડૉ. મહેશ દેસાઈએ સેવાઓ આપી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, સદસ્ય નરેશભાઈ ઠાકોર, આરોગ્ય સમિતિના ચેરમેન, અધિકારી, મોટી આદરજના સરપંચ તેમજ અગ્રણીઓ હાજર રહ્યા હતા. આ સમગ્ર કેમ્પનું કોર્ડીનેશન ડૉ. દક્ષેન ત્રિવેદીએ કર્યું હતું.

## ફતેપુરા પાસેથી દારૂના નશામાં ધૂત યુવાન ઝડપાયો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના સેકટર-૧૫ પાસે ફતેપુરા ખાતેથી દારૂના નશામાં ચકચૂર યુવાન પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. ગઈ સાંજે ફતેપુરામાં દારૂ પીધા બાદ સામાન્ય માથાકુટ થવાનો કિસ્સો બન્યો હતો. પોલીસ ત્યાં પહોંચી ત્યારે એક શખ્સ જાહેરમાં લથડીયા ખાઈ બેફામ બકવાસ કરતો મળી આવ્યો હતો. દારૂ પીધેલા સરગાસણના શુકન વિલામાં રહેતા શખ્સ મહેશ મોહન સોલંકીની પોલીસે ધરપકડ કરી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વાતવાતમાં

● સાયકલ શેરીંગ પ્રોજેકટ પ્રારંભ થતા સવારથી જ નગરજનોએ સાયકલો લેવા ધસારો કર્યો હતો. સ્વર્ણિમ પાર્ક ખાતે ખાસ સાયકલ ટ્રેક બનાવાઈ હોઈ વ્યાયામ અર્થે સવારે સાયકલોનો સ્ટોક વધુ રખાય તેવી મોર્નિંગ વોકર્સમાં લાગણી જન્મી છે.

● ચ-૫ સર્કલે એક ઈકોવાન અન્ય રોડ ક્રોસ કરી રહેલા વાહનો પસાર થતા હોઈ ઉભી રહી હતી ત્યારે અચાનક પાછળથી આવેલી એક અન્ય કારે ટકકર મારતા ઈકોવાન દસેક ફુટ જેટલી આગળ ધસી ગઈ હતી. સદભાગ્યે તે સમયે આગળ કોઈ વાહન ના હોવાથી મોટો અકસ્માત ટળ્યો હતો.

● શહેરમાં દિવસભર હોળી કયારે પ્રગટાવવી તે અંગે ચાની કિટલીઓ તથા પાનના ગલ્લે ચર્ચાઓનો દૌર જોવા મળ્યો હતો. બીજી તરફ સાંજે સે-૭માં હોળી પ્રગટાવાઈ હતી જયારે અન્ય સ્થળોએ બુધવારે હોળી પ્રગટાવાશે જેથી નગરજનોને બે દિવસ હોળી દર્શનનો લ્હાવો પ્રાપ્ત થશે.

● શહેરની શાળા કોલેજોમાં મંગળવારે જ વિદ્યાર્થીઓએ હોળી મનાવી હતી. આ વાતને અગાઉથી પારખી ગયેલા રંગ વેચતા ફેરિયાઓએ શહેરના માર્કેટના બદલે શાળા-સંકુલો બહાર જ અડ્ડા જમાવી ધંધાકીય સૂઝનો પરિચય કરાવ્યો હતો.

● સાંજના સુમારે ચ-૭ સર્કલે એક એસટી બસે ખાનગી કારને ટકકર મારી ઉભી ન રાખતા કારના ડ્રાઈવરે બસનો પીછો કરી ચ-૩ સર્કલે બસને આંતરી લીધી હતી. ઘણી બધી રકઝકના અંતે કારના માલિક મહિલા તબીબે એસટી ડ્રાઈવરને 'મેનર્સ' શીખવાડી મોટું મન રાખતા માફ કર્યો હતો.

## ડૉ. આંબેડકરની જન્મ જયંતિ નિમિત્તે પ્રસાર પ્રચાર યાત્રાનું આયોજન

ગાંધીનગર, તા.૨૨

ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે સામાજિક ન્યાય અને અધિકારીતા તથા રમત ગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગના સંયુકત ઉપક્રમે આગામી તા. ૨૭મી માર્ચના રોજ સવારે ૭.૩૦ કલાકે પ્રસાર પ્રચાર યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રચાર યાત્રા ગુજરાત વિધાનસભા સામે ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાથી પ્રસ્થાન કરી આદર્શ નિવાસી શાળા સેકટર-૮ ખાતે પહોંચશે આ ઉપરાંત સેકટર-૮ આદર્શ નિવાસી શાળા ખાતે વકતૃત્વ સ્પર્ધાના વિજેતાઓને ઈનામ વિતરણ કરાશે અને ડૉ. બાબા સાહેબ આંબેડકરના જીવન કવન પર ભારત ભાગ્ય વિધાતા નાટક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## બીપીસીસીએસ દ્વારા મલ્ટીમીડિયા વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા સૅમેસ્ટર-૪ના વિદ્યાર્થીઓ માટે મલ્ટીમીડિયા અને ફ્લેશ વિષયે એક દિવસીય વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ વર્કશૉપ અંગેની વિસ્તૃત માહિતી આપતાં કૉલેજના અધ્યાપકોએ જણાવ્યું હતું કે જ્યારે વર્તમાન પરિસ્થિતિમાં ઍનીમેશન, ગેઈમિંગ, કાર્ટૂનીંગ અને ઍડવર્ટાઈઝીંગ જેવાં ક્ષેત્રોમાં ખૂબ જ ઉપયોગી એવા મલ્ટીમીડિયા અને ફ્લૅશ વિષયને વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ પસંદ કરવામાં આવ્યો હતો.

આ વર્કશૉપ અંતર્ગત નૅશનલ ઈન્સ્ટીટ્યુટ ઑફ ડિઝાઈનીંગ, ગાંધીનગર ખાતે ૧૦ વર્ષથી ડિઝાઈનીંગ ઍક્સપર્ટ તરીકે કાર્યરત પ્રૉ. હરેશ ગલસર દ્વારા વિદ્યાર્થીઓને મલ્ટીમીડિયા અને ફ્લૅશનો તફાવત સમજાવવામાં આવ્યો હતો તથા ફ્લૅશમાં શેપ મોશન, ટ્વીન મોશન અને બેઝીક ડિઝાઈનીંગ શીખવવામાં આવી હતી. આ ઉપરાંત ટુડી ઍનીમેશનમાં ઉપયોગી વિગતો આપી મલ્ટીપલ ઍનીમેશન પણ દર્શાવ્યું હતું.

આ વર્કશૉપના માધ્યમથી વિદ્યાર્થીઓને પોતાની આંતરિક કલ્પના શક્તિ ખીલવવાનો મોકો મળ્યો હતો અને તેમણે આ વિષયોને શીખવામાં સક્રિય રસ દાખવ્યો હતો.

સૅમેસ્ટર-૪ના ૮૦ વિદ્યાર્થીઓ આ વર્કશૉપમાં જોડાયા હતા. સંસ્થાના ડિરેક્ટર ડૉ. સંજય ઍમ શાહના માર્ગદર્શન હેઠળ પ્રાધ્યાપક મિત્રોએ જહેમત ઉઠાવી આ વર્કશૉપને સફળ બનાવ્યો હતો.

## સે-૨૫ સંતોષીમાતાના મંદિરમાં નિયમ વિરૂધ્ધ વિજ જોડાણ આપવા પેરવી

### સ્થાનિક રહીશોમાં આક્રોશ : ગાંધી ચિંધ્યા માર્ગે લડત આપશે

ગાંધીનગર, તા.૨૨

સે-૨૫ ખાતેની સૂર્યનારાયણ સોસાયટીમાં સરકારી માલિકીની જમીન પર ઉભા થયેલા ગેરકાયદેસરના સંતોષી માતાના મંદિરમાં ટોરેન્ટ પાવર કંપની દ્વારા નીતિ નિયમથી વિરૂધ્ધ વીજ જોડાણ આપવાની તૈયારીઓ થઈ રહી છે જેની સામે વસાહતીઓએ વિરોધ વ્યકત કરી વીજ જોડાણનું કામ સ્થિગત કરવા તેમજ દબાણની પ્રવૃત્તિ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માગણી સાથે જિલ્લા કલેકટર, મહાનગરપાલિકા કમિશનર, ટોરન્ટ પાવર, કાર્યપાલક ઈજનેર વિ. ૧ પાટનગર યોજના તથા મામલતદાર સમક્ષ રજુઆત કરવામાં આવી છે.

આ મામલે સ્થાનિક વસાહતી શ્રી નીતિન પટેલની વાંધા અરજીના અનુંસધાને ટોરેન્ટ પાવર તરફથી કામગીરી હાલ પૂરતી સ્થગિત કરી દેવામાં આવી છે પરંતુ આગામી મનપાની ચૂંટણીને કારણે સ્થાનિક રાજકારણીઓ, નગરસેવકો આ ગેરકાયદે કામગીરીને આડકતરૂ પ્રોત્સાહન આપીને રાજકીય લાભ ખાટવા મથી રહ્યા હોવાનું જણાતા દબાણ અને વીજ જોડાણની ગેરકાયદે પ્રવૃત્તિ સામે ભીનું સંકેલાઈ જવાની પૂરી શકયતા છે. જેથી આ સંદર્ભે જરૂર પડયે કોર્ટ સમક્ષ દાદ કરવા વસાહતીઓએ નિર્ણય કર્યો છે. એક તરફ સુપ્રિમ કોર્ટના આદેશ છતા ગેરકાયદે મંદિર સહિતના દબાણો સામે તંત્ર તરફથી કાર્યવાહી ન કરાતાં સે-૨૫માં ધાર્મિકતાના ઓથે સરકારી જમીન હડપ કરવાના ઈરાદે વધુને વધુ ફેન્સીંગ કરી લેવાની પ્રવૃત્તિ ફાલી છે.

રાજકીય વગને વશ થઈને તંત્ર દ્વારા જો આ દિશામાં યોગ્ય કાર્યવાહી નહિ થાય તો વસાહતીઓએ ન્યાયી લડતની સાથે ગાંધી ચિંધ્યા માર્ગે ઉપવાસ આંદોલન કરવાની ચીમકી આપી છે.

## પોર ગામમાં છરા વડે યુવાન પર હિંસક હુમલો

### બાઈક અને સ્કુટર સામાન્ય ટકરાઈ જતાં ઉગ્ર બોલાચાલી બાદ સમાધાન થયું ત્યાર બાદ ચાર શખ્સોએ યુવાનના ઘરમાં ઘુસીને છાતીમાં છરો ભોંકયો : યુવાનની હાલત ગંભીર

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર નજીક પોર ગામમાં ગઈ સાંજે સ્કુટર અને બાઈક વચ્ચે સામાન્ય અકસ્માત



થતા બે યુવાનો વચ્ચે બોલાચાલી થયા બાદ સમાધાન થઈ ગયું હતું. બાઈક ચાલક યુવાન ઘરે ગયો અને જમવા બેઠો ત્યારે સ્કુટર ચાલક ગામના અન્ય ત્રણ શખ્સોને લઈને તેના ઘરે પહોંચી ગયો હતો અને ધારદાર છરો છાતીના ભાગે ભોંકી દઈ હિંસક હુમલો કર્યો હતો. ગંભીર હાલતમાં તેને ગાંધીનગર સિવિલ હોસપિટલ અને ત્યાંથી મધરાત્રે વધુ સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવ્યો હતો. અડાલજ પોલીસે ચાર શખ્સો સામે ગુનો દાખલ કરીને ગુનાની ઊંડી તપાસ શરુ કરી છે.

પોર ગામમાં બળીયાદેવના મંદિર સામે મોડી સાંજે ગામના શૈલેષ ડાહ્યાભાઈ પટેલના બાઈક અને મયુર આત્મારામ સોલંકીના સ્કુટર વચ્ચે અકસ્માત થતા બંને ગામના યુવાનો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી અને અંતે સમાધાન થઈ જતા બંને પોતપોતાના ઘરે જતા રહ્યા હતા. રાત્રે શૈલેષ પટેલ પોતાના ઘરે પરિવાર સથે જમવા બેઠા હતા તે દરમિયાન મયુર સોલંકી તથા અન્ય ત્રણ શખ્સો શૈલેષના ઘરે આવી પહોંચ્યા હતા અને ધારદાર છરો શૈલેષ પટેલના છાતીના ભાગે ભોંકી દઈ જીવલેણ હુમલો કર્યો હતો. હિંસક હુમલાન બાદ ચારેય ફરાર થઈ ગયા હતાં. ગંભીર હાલતમાં શૈલેષ પટેલને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. પરંતુ તબિયત નાજુક જણાતા અમદાવાદ સિવિલ હોસ્પિટલ રીફર કરવામાં આવ્યો હતો. શૈલેષ પટેલની ફરિયાદને આધારે અડાલજ પોલીસ મથકના પીએસઆઈ સરવૈયાએ મયુર સહિત ચાર શખ્સો સામે કલમ ૩૨૬ મુજબ ગુનો નોંધી ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## શબ્દોની તાકાત વિશ્વને બદલવાની ક્ષમતા ધરાવે છે



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગરના સે-૨૮માં બ્રહ્માકુમારીઝ વિશ્વ વિદ્યાલયના કેન્દ્ર ખાતે શહેરના પત્રકારો માટે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાં બ્રહ્માકુમારીઝના મુખ્યાલય માઉન્ટ આબુ ખાતેથી પધારેલા બી.કે. અનુજભાઈએ પત્રકારોને પોઝીટીવ જર્નાલીઝમ પર ભાર મૂકવા પ્રેરિત કર્યા હતા. આ પ્રસંગે ઓમ શાંતિ મિડિયાના સંપાદક બી.કે. ગંગાધરભાઈ તથા બ્રહ્માકુમારીઝ કેન્દ્રના સંચાલિકા બી.કે. કૈલાશદીદી પણ ઉપસ્થિત રહ્યા હતા. સ્પેકટ્રમના સંપાદક અને કોલમીસ્ટ બી.કે. અનુજભાઈએ સમાજમાં તણાવને ઘટાડવાની અને સાચી આધ્યાત્મિક સમજ ફેલાવવાની જરૂરિયાત પર ભાર મૂકયો હતો. તેમણે પત્રકારોને વિવિધ પ્રેકટીકલ્સ દ્વારા મનની શાંતિ અને સ્થિરતા અંગે ટીપ્સ આપી હતી. શહેરના પત્રકારોએ મોટી સંખ્યામાં તેમના વકતવ્યનો લાભ લીધો હતો.

# વિહાન પ્રોજેકટ દ્વારા ટીબી દિવસ ઉજવાયો

### ગાંધીનગર જિલ્લાના એચઆઈવી ગ્રસ્ત બાળકો-વાલીઓ સાથે આગોતરી ઉજવણી : હોળી નિમિત્તે ધાણી-ખજૂર અપાયા

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરમાં એચઆઈવી પોઝીટીવ વ્યકિતઓ માટે કાર્યરત સંસ્થા ગાંધી એનપી પ્લસના 'વિહાન પ્રોજેકટ' અંતર્ગત કેર એન્ડ સપોર્ટ સેન્ટર દ્વારા આગામી ક્ષય દિવસને અનુલક્ષીને તા. ૨૧મી માર્ચે વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર જિલ્લાના એચઆઈવી પોઝીટીવ બાળકો તથા તેમના વાલીઓને માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું તથા હોળી નિમિત્તે ધાણી-ખજૂર વગેરેની ભેટ આપવામાં આવી હતી.

વિશ્વભરમાં તા. ૨૪મી માર્ચને 'ટીબી દિવસ' ઉજવવામાં આવે છે. આ દિવસે ક્ષય રોગને નાથવા જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવે છે. એચઆઈવી ગ્રસ્ત દર્દીઓમાં ટીબીનું પ્રમાણ વધુ જોવા મળે છે. આ હકીકતને લક્ષમાં રાખીને ગાંધીનગરના સે-૭માં વિહાન પ્રોજેકટ કેર એન્ડ સપોર્ટ સેન્ટર ખાતે સોમવારે ટીબી જાગૃતિ અંગે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાના એચઆઈવી પોઝીટીવ બાળકો તથા તેમના વાલીઓને ટીબી અંગે માર્ગદર્શન તથા સાવચેતી અંગેના સૂચનોથી માહિતગાર કરાયા હતા. આ કાર્યક્રમમાં બાળકોને દાતા જિજ્ઞાસાબેન સુકેતુભાઈ મહેતા દ્વારા હોળી નિમિત્તે ધાણી-ખજૂર વગેરે સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વિહાન પ્રોજેકટના પ્રોજેકટ કો ઓર્ડિનેટર ભાવિકા ચક્રવર્તી, માસ્ટર કાઉન્સિલર તેજલ પટેલ, પીઅર કાઉન્સિલર ચિરાગ ગોસ્વામી તથા સર્વે ઑઆરડબલ્યુએ શર્મિલાબેન ગોસ્વામી, રાજેશ પરમાર, રસિક કડવાતર તથા સોમાજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતાં.



## સ્કાઉટ ગાઈડની વિદ્યાર્થીનીઓ દ્વારા ગરીબ બાળકોને શૈક્ષણિક કિટનું વિતરણ

ગાંધીનગર, તા.૨૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી.પટેલ કન્યા પ્રાથમિક શાળાની ધોરણ-૮ની સ્કાઉટ ગાઈડની વિદ્યાર્થીનીઓ દ્વારા શાળાના મેદાનમાં વિવિધ ફૂડસ્ટોલ ઉભા કરી તેના વિતરણમાંથી થયેલ નફાનો ઉપયોગ ગરીબ બાળકોને શૈક્ષણિક કિટ આપવામાં કરાયો હતો. સંસ્થાના કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલના વરદહસ્તે આ કીટનું વિતરણ કરવામાં આવેલ. આ પ્રસંગે શાળાના આચાર્યા નીરૂબેન જે. પટેલ તથા શાળાના સ્કાઉટ ગાઈડ માસ્ટર સરિતાબેન ત્રિપાઠીએ ઉપસ્થિત રહી શાળાની આવી સેવાકીય પ્રવૃત્તિમાં સહકાર આપનાર તમામ વિદ્યાર્થી બહેનોને ધન્યવાદ પાઠવ્યા હતા અને વિદ્યાર્થીનીઓ ખુબ સારું શિક્ષણ પ્રાપ્ત કરે તેવા આશીર્વાદ પાઠવ્યા હતા.

## ચિરવિદાય

● સ્વ. છગનલાલ શાલીકરામ જયસ્વાલ, ઉ.વ. ૮૩